# ગુજરાત વિધાનસભા

-----------

## પંદરમી વિધાનસભા

## પાંચમું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

બુધવાર, ૨૧ ઑગસ્ટ, ૨૦૨૪

બપોરે ૧૨:૦૦ વાગ્યે

1. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

(1) માનનીય સભ્યશ્રી કેયુર રોકડિયાનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૫/૩ " પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) દ્વારા આવાસો પૂર્ણ કરવા બાબત"

**..... માનનીય મુખ્યમંત્રીશ્રી(શહેરી વિકાસ)**

(2) માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલાનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૫/૫ "રાજ્યના ખેડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં મળવા બાબત"

**..... માનનીય કૃષિ મંત્રીશ્રી**

(3) માનનીય સભ્યશ્રી પ્રવિણકુમાર માળીનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૫/૧૬ "બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત દૂધ સહકારી મંડળીઓના ખાતા "

**..... માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**

(4) માનનીય સભ્યશ્રી કાંતિભાઇ ખરાડીનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૫/૨૬ "બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વિદેશમાં રહી પગાર મેળવતા શિક્ષકો"

**..... માનનીય શિક્ષણ મંત્રીશ્રી**

(5) માનનીય સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણાનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૫/૪૪ "ચાંદિપુરા વાયરસથી બાળકોના મોત "

**..... માનનીય આરોગ્ય મંત્રીશ્રી**

## 2. શોકદર્શક ઉલ્લેખો

(1) ગુજરાતના પૂર્વ રાજ્યપાલ સ્વ. ડૉ. કમલાજી બેનીવાલ, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી બિપીનભાઇ ઈશ્વરભાઇ શાહ તથા ગુજરાતના પૂર્વ સભ્યો સ્વ. શ્રી શિવભદ્રસિંહ કુષ્ણકુમારસિંહજી ગોહિલ, સ્વ.શ્રી રત્નાભાઇ મનજીભાઇ ઠુંમર, સ્વ.શ્રી રામસિંહજી રૂપસિંહજી સોલંકી, સ્વ.શ્રી નંદકિશોર ત્રંબકલાલ દવે,સ્વ.શ્રી ખુરશીદહૈદર અબ્દુલમુત્તલીબ પીરઝાદા, સ્વ.શ્રી સામતભાઇ આલાભાઇ રાઠોડ અને સ્વ.શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.

## 3. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

(1)
નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્ય ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા(દિવાભાઇ માલમ, અરવિંદભાઇ લાડાણી અને અર્જુનભાઇ મોઢવાડીયા) માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરશેઃ-તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ વગેરે જિલ્લાઓમાં કપાસ અને મગફળીના પાકને વ્યાપક નુકસાન થયેલ છે. તેના પરિણામે ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાયેલ છે. આથી ખેડૂતોમાં ફેલાયેલ ચિંતાની લાગણી દૂર કરવા સર્વેની કામગીરી તાત્કાલિક હાથ પર લઈ અસરગ્રસ્ત ખેડૂતોને વળતર ચૂકવવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં.

## 4. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો

(1)
સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક-૧-સન ૨૦૨૪નો ગુજરાત કાયદા (જોગવાઈઓના સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**..... માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(2)
સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક-૨-સન ૨૦૨૪નો ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**....... માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(3)
ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**..... માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(4)
ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના

કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

<u>..... માનનીય વન મંત્રીશ્રી મુળુભાઈ બેરા</u>

(5) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

<u>.....માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા</u>

(6) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા. ૦૨/૦૩/૨૦૨૪નું જાહેરનામાં ક્રમાંકઃ ઘઈ/૨૦૨૪-૧૫/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨)

<u>..... માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ</u>

5. **<u>અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં</u>**

(1) પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૪નાં વિધેયક ક્રમાંક-૫, ૭, ૮ અને ૯ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

<u>..........ઈન્ચાર્જ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા</u>

6. **<u>સભ્યશ્રીના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (નિયમ-૨૬૯)</u>**

7. **<u>વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત</u>**

(1) કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલની રજૂઆત

<u>........માનનીય અધ્યક્ષશ્રી</u>

(2) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

<u>........સમિતિના માનનીય પ્રમુખ શ્રી અભેસિંહ તડવી/સભ્યશ્રી</u>

8. **<u>માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ</u>**

(1) “આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.”

## 9. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો સંકલ્પ (નિયમ-૧૨૦) (૯૦ મિનિટ)

(1)

તાજેતરમાં વિશ્વની સૌથી મોટી લોકશાહીનું મહાપર્વ આપણે સૌએ ધામધૂમથી ઉજવ્યું. આ લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભારતના નાગરિકોએ વિકસિત ભારતના સ્વપ્નદ્રષ્ટા, મહાન વિચારક, વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા, ઉત્તમ પ્રશાસક, વિકાસપુરુષ એવા નરેન્દ્રભાઈ મોદીજીને ભારતના પ્રધાનમંત્રી તરીકે ત્રીજી વખત દેશનું સુકાન સોંપ્યું છે. જે ગુજરાતના પ્રત્યેક નાગરિક માટે ગૌરવ અને આનંદનો વિષય છે.

વિશ્વભરમાંઆપણા તિરંગાનું સન્માન વધારનાર, ગુજરાતના પનોતાપુત્ર અને ભારતનાં યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને વિશ્વની સૌથી મોટી લોકશાહીના સતત ત્રીજી વખત વડાપ્રધાન બનવા માટે આ ગૃહના નેતા તરીકે સમગ્ર ગુજરાત વતી હૃદયપૂર્વક  અભિનંદન પાઠવું  છું.

આઝાદી પછી જન્મેલા ભારતનાં પ્રથમ પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ વર્ષ 2014 થી 2019 દરમિયાન બે વખત દેશના સફળ સુકાની તરીકે દેશને નિર્ણાયક નેતૃત્વનો અહેસાસ કરાવ્યો છે. વિશ્વભરમાં ભારતની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવાની સાથે આ દેશના છેવાડાના માનવીની ચિંતા કરતા નરેન્દ્રભાઈ મોદીજીએ લગભગ દોઢ દાયકા જેટલા દીર્ઘકાળ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને આ ગૃહના નેતા તરીકે તેમનું અપ્રતિમ યોગદાન આપ્યું છે. માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આપણું ગુજરાત આગવું ગુજરાત બન્યું. માનનીય નરેન્દ્રભાઈ મોદીજીએ એક સફળ મુખ્યમંત્રી તરીકે વાઈબ્રન્ટ ગુજરાતના નૂતનમંત્રથી વિકાસની આગવી કેડી કંડારી ગુજરાતને વૈશ્વિક કક્ષાએ હરિફાઈ કરવા માટે સક્ષમ કર્યું. આજે ગુજરાત વિકાસના રાજમાર્ગ પર જે રીતે હરણફાળ ભરી રહ્યું છે તેનો સઘળો શ્રેય માનનીય નરેન્દ્રભાઈને જાય છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હર ઘર તિરંગાથી લઈને ચાંદ પર પણ તિરંગો લહેરાવીને દેશવાસીઓમાં રાષ્ટ્રભક્તિની નવીન ચેતના જગાડી છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ'નાં મંત્ર સાથે છેલ્લા દસ વર્ષમાં વિશ્વની સૌથી મોટી જનકલ્યાણ યોજનાઓને અમલમાં મૂકી અપ્રતિમ સમર્પણ અને નિષ્ઠા સાથે રાષ્ટ્ર પ્રથમની ભાવનાને ચરિતાર્થ કરી છે. ગરીબો, વંચિતો, દલિતો, શોષિતો પ્રત્યે ઘેરી સંવેદના અને કંઈક કરી છૂટવાની લાગણી તેમના હૈયે સદાય વહેતી રહે છે. માનનીય મોદીજીના નેતૃત્વનો એક દાયકો એટલે વિરાસત, વિકાસ અને વિશ્વાસનો દાયકો છે.  આ એક દાયકામાં નિર્માણ થયેલ નવ્ય ભારતની નોંધ સમગ્ર વિશ્વ એ લીધી છે. માનનીય મોદીજીએ ત્રીજા કાર્યકાળમાં પ્રવેશ કર્યો છે. છેલ્લા બે કાર્યકાળમાં માનનીય નરેન્દ્રભાઈ મોદીજીના પરિશ્રમ, પ્રતિબદ્ધતા અને પારદર્શિતાના ત્રિવેણી સંગમથી ભારત અનેક મહાન સંકલ્પોથી સિદ્ધિ સુધી પહોંચી શક્યું છે તેનું આપણને સૌને ગૌરવ છે.

સ્વચ્છ ભારતથી સ્વસ્થ ભારત બનાવવા માટે પ્રધાનમંત્રીજીએ જનભાગીદારીથી સ્વચ્છતા ને ભારતનો સ્વભાવ બનાવ્યો છે. માનવીય સંવેદના સાથે સુશાસનના વૈશ્વિક માપદંડો ચરિતાર્થ કરી વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના "આયુષ્યમાન ભારત" દેશના દરેક નાગરિકને સ્વાસ્થ્ય સુરક્ષાની ગેરંટી આપે છે.

એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે અને જ્ઞાનનો આ અરુણોદય ગુજરાતમાંથી થયો છે. મને આ ગૃહને જણાવતા  અત્યંત ગૌરવ થાય છે કે આપણા પ્રધાનમંત્રી મોદીજીએ જ્ઞાન એટલે કે નોલેજની મહત્તા તો વધારી જ પણ સાથે-સાથે આપણને જ્ઞાનની એક નવી પરિભાષા પણ આપી. આ નયા ભારતમાં જ્ઞાન એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને મહિલા. આપણા દેશના ગરીબ, યુવા, અન્નદાતા, મહિલાઓને મુખ્ય ધારામાં લાવવા અને સર્વસમાવેશી નીતિઓ તૈયાર કરવી એ નયા ભારતનો વિકાસ મંત્ર છે. દરિદ્રનારાયણની સેવાને સમર્પિત 'વન નેશન વન રાશન'એ  વિશ્વની સૌથી મોટી પોષણ યોજના છે. છેલ્લા દસ વર્ષમાં પ્રત્યેક ક્ષેત્રમાં ભારતે મેળવેલ અભૂતપૂર્વ સિદ્ધિ એ પ્રધાનમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિનું સુખદ પરિણામ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હોય કે પી. એમ. ગરીબ કલ્યાણ અન્ન યોજના હોય કે પછી આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરતી મુદ્રા લોનની યોજના હોય; આ દરેક યોજનાઓમાં મોદીજીના પારસસ્પર્શની અનુભૂતિ થાય છે.  સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, સેમીકોન ઈન્ડિયા જેવી પ્રગતિશીલ નીતિઓથી ભારતની યુવાશક્તિને નવી પાંખો મળી છે.

માનનીય નરેન્દ્રભાઈએ દેશભરમાં નવીન IIT, IIM, અને વૈશ્વિક સ્તરની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપીને 'જય અનુસંધાન'ના મંત્રને સાર્થક કર્યો છે.  તેજસ્વી, સામર્થ્યવાન ભારતનું સ્વપ્ન સેવતી રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૨૦૨૦ના સુચારુ અમલ દ્વારા  યુવાનો અને

આવતી પેઢીને ૨૦૪૭ના વિકસિત ભારતના અગ્રેસર બનવાનો મોકો આપ્યો છે.

કૃષિ પ્રધાન એવા ભારત દેશમાં કિસાન સમ્માન નિધિથી અન્નદાતા એવા ખેડૂતના ખેડ, ખાતરની ચિંતા પ્રધાનમંત્રી મોદીજીએ કરી છે. વૈજ્ઞાનિક અભિગમથી ખેડૂતોની આવકને બમણી કરવાના લક્ષ્ય સાથે કઠોળથી લઈ ખાધ તેલમાં ભારત દેશને આત્મનિર્ભર બનાવવાનું લક્ષ્ય પ્રધાનમંત્રીજીએ રાખ્યું છે. એક સમયે બહારથી અનાજની આયાત કરતો દેશ આજે અનાજની નિકાસ કરતો દેશ બન્યો છે.

ભારતની સાંસ્કૃતિક ચેતનાને પુનઃ જાગૃત કરવા માટે સતત પ્રયાસરત એવા પ્રધાનમંત્રીશ્રી આપણી વિરાસતની વંદના કરી રહ્યા છે. ભવ્ય-દિવ્ય રામમંદિરનું નિર્માણ હોય કે કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ હોય. ઉજ્જૈનમાં મહાકાલ મંદિરના જીર્ણોદ્ધારથી લઈ મા મહાકાળીના પાવાગઢ ઉપર ૫૦૦ વર્ષ પછી ધ્વજારોહણ કરવાનું ભગીરથ કાર્ય માનનીય નરેન્દ્રભાઈના કાર્યકાળમાં થયું છે. સાંસ્કૃતિક ચૈતન્યને જાગ્રત કરવાની સાથે -સાથે ભારત વિશ્વ બંધુત્વની ભાવના થકી વૈશ્વિક સોફ્ટ પાવર તરીકે વિકસી રહ્યું છે. G-ટવેન્ટી સમિટનું નેતૃત્વ કરવા સાથે G-સેવન સમિટમાં ભારતનો વૈશ્વિક સ્વીકાર થવો એ માનનીય પ્રધાનમંત્રીશ્રીના પ્રમાણિક પ્રયાસોનું જ પરિણામ છે.

ભારતની આ ભવ્ય વિકાસયાત્રામાં દેશની નારીશક્તિ એક પણ ડગલું પાછળ ન રહી જાય તે માટે પ્રધાનમંત્રીજીના સતત પ્રયત્નો રહ્યા છે. ઉજ્જવલા યોજના થકી મહિલાઓને ધુમાડામાંથી મુક્તિ આપી મોદીજીએ, શૌચાલય સ્વરૂપે સમ્માન ઘર આપ્યું મોદીજીએ, નળથી જળ જેવી યોજના થી બહેનોનું જીવન સરળ બનાવ્યું મોદીજીએ, નારી શક્તિ વંદન અધિનિયમ થી પંચાયતથી પાર્લામેન્ટ સુધી નેતૃત્વ કરવાની તક આપી મોદીજીએ, ત્રણ તલાક જેવો અન્યાયી કાયદો નાબૂદ કરીને મહિલાઓને સુરક્ષા આપી મોદીજીએ.

પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ પોતાના દેશ માટે, દેશના લોકો માટે સમર્પિત કરતાં આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ભારતને વૈશ્વિક હરીફાઈ માટે સક્ષમ બનાવ્યું છે. કોરોનાના કપરા સમયે દુનિયાના દેશોને રસી પહોચાડી ભારતે વિશ્વ બંધુત્વની ભાવનાને સાર્થક કરી છે. G-ટવેન્ટી નું સફળ આયોજન હોય કે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને સુરક્ષિત પરત લાવવાની વાત હોય દરેકમાં આજે દુનિયા ભારતની વિરાટ શક્તિને જોઈ રહ્યું છે.

એક ભારત, શ્રેષ્ઠ ભારતના સ્વપ્નને સાકાર કરવા કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ નાબૂદ કરી, વર્ષો જૂના પ્રશ્નનો અંત લાવવા માટે ભારતના લોકો તેમને શતાબ્દીઓ સુધી યાદ કરશે. આજે કાશ્મીર ઘાટીમાં આઝાદી અને આબાદી બંનેનો અનુભવ થઈ રહ્યો છે. વર્ષો જૂની ગુલામીની માનસિકતામાંથી દેશને મુક્ત કરી ભારતીય ન્યાય સંહિતા લાગુ કરી, સર્જિકલ સ્ટ્રાઈક જેવા મજબૂત નિર્ણયથી આતંકવાદને કડક ભાષામાં જવાબ આપી, ભારતને બદનામ કરવાના કાવતરા કરતી ઈકો સિસ્ટમ સામે લાલ આંખ કરીને ગુજરાતના પનોતા પુત્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતનો પ્રત્યેક નાગરિક સુરક્ષા, શાંતિ અને સલામતીની અનુભૂતિ કરી રહ્યો છે. એટલે જ કહેવાય છે "सपने नहीं हक़ीक़त बुनते है, तभी तो हम सब मोदी को चुनते हैं" 'નેશન ફર્સ્ટ'ના મંત્ર સાથે વિકસિત ભારતનું સ્વપ્ન લઈને પોતાનું તન- મન અને સર્વસ્વ ભારતમાતાના ચરણે સમર્પિત કરનાર યુગદ્રષ્ટા એવા નરેન્દ્રભાઈ મોદીજીના બે સ્વર્ણિમ કાર્યકાળની સિદ્ધિઓ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ છે અને તેનું આપણને સૌને ગૌરવ છે. મને પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ટીમ મોદી સરકારના ત્રીજા અમૃતકાળમાં ભારત અનેક નવી સિદ્ધિઓ હાંસલ કરશે અને વિકસિત ભારતના લક્ષ્ય તરફ ઊંચી ઉડાન ભરશે. રાજપથ નહીં કર્તવ્યપથ અને પ્રધાનમંત્રી નહીં પ્રધાનસેવક તરીકે પોતાની ઓળખ આપતા મોદીજીના નેતૃત્વમાં આવો આપણે સૌ અમૃતકાળને કર્તવ્યકાળ બનાવીને ૨૦૪૭માં ભારતને વિકસિત ભારત બનાવવા માટે વિકસિત ગુજરાતના સ્વપ્નને સાકાર કરીએ. પુનઃ એક વાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ત્રીજા યશસ્વી કાર્યકાળ માટે હું અભિનંદન પાઠવવાનો સંકલ્પ પ્રસ્તુત કરું છું.

## 10. <u>સરકારી વિધેયક</u>

(1)

સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક

**...........**દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

....... **<u>માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી</u>**

**વિધાનસભા ગૃહ**
**ગાંધીનગર**
**તારીખઃ૨૦ ઑગસ્ટ ૨૦૨૪**

**ચેતન પંડ્યા**
**ઈન્ચાર્જ સચિવ**
**ગુજરાત વિધાનસભા**